# સાબરકાંઠા-અરવલ્લીના સરપંચપદના જંગમાં ૨૩૦૦ મૂરતિયા : આજે ચુંટણીચિત્ર સ્પષ્ટ થશે

## ૯.૮૯ લાખ મતદારોને ઢંઢોળવા ઓમિક્રોનના આક્રમણમાં અઘરાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૫૫૮ ગ્રામ પંચાયતોના ચુંટણી જંગમાં સરપંચ અને વોર્ડ માટેના ઉમેદવારીપત્રો ભરાઈ ચુક્યા છે. સોમવારે ઉમેદવારી ફોર્મ ચકાસણી દરમ્યાન કેટલાંક ઉમેદવારીપત્ર રદ થયા છે. સરપંચના ચુંટણીજંગમાં ૨૩૮૬ મૂરતિયાઓએ ઝંપલાવ્યું છે. આજે મંગળવારે બપોરે ચુંટણીચિત્ર સ્પષ્ટ થશે. બંને જિલ્લામાં ૧૨ જેટલી ગ્રામ પંચાયતો સમરસ થયાના પ્રાથમિક અહેવાલ છે.

જિલ્લામાં લગ્નસરાના અવસરમાં ભોજન ડિસ સાથે તમારા ગામમાં સરપંચ કોણ ચુંટાશે ? વોર્ડમાં કોણ ચુંટાશે ? શું લાગે છે ? બસ આજ વાતો સાંભળવા મળી રહી છે. જેના કારણે ભોજન મંડપમાં વારંવાર ભીડ પણ જોવા મળી રહી છે. લગ્નસરાનો અવસર ફુલબહાર ખીલતાં ઉમેદવારો અને ટેકેદારોએ દરેક લગ્ન સમારંભોમાં હાજરી આપી પ્રચારની અનમોલ તક ઝડપી છે. જિલ્લાના ૧૪ તાલુકાની ગ્રામ પંચાયતોમાં યોજાનારી સામાન્ય અને પેટાચુંટણીમાં ભાજપ અને કોંગ્રસના ટેકેદારો તો ક્યાંક એક જ રાજકીય પક્ષના ટેકેદારો સામસામે ઉભાર રહેતા સંગઠનની હાલત કફોડી થઈ રહી છે. જિલ્લાની મોટી ગ્રામ પંચાયતોમાં એક જ પક્ષના કાર્યકરો સામસામે ઉભા રહ્યા હોવાથી સંગઠને તેની નોંધ લઈ આવતા વર્ષે યોજાનારી લોકસભા ચુંટણીમાં તેની વિપરીત અસર ન થાય તે માટે સમાધાન માટે મંગળવાર બપોર સુધી બનતા તમામ પ્રયાસો કરવા અંદરખાને સુચના આપ્યાનું જાણવા મળ્યું છે. કેટલાંક કિસ્સાઓમાં ચોક્કસ જુથને પાઠ શીખવવા માટે સામસામે ઉમેદવારો ઉભા રાખી વાતાવરણ ડહોળવાના પ્રયાસ થઈ રહ્યાનું ચર્ચાઈ રહ્યું છે. જિલ્લાની અનેક મોટી ગ્રામ પંચાયતો ભાજપ અને કોંગ્રેસ માટે મહત્વની બની જવાની છે. આ સંજોગોમાં વિધાનસભાના ભાવિ મૂરતિયાઓએ પોતાના ઉમેદવારોને અગાઉથી ગોઠવી તે ચુંટણી જીતી જાય તે માટે આર્થિક મદદ આપી રહ્યાની વિગતો જાણવા મળી છે. જિલ્લામાં ઉમેદવારીપત્રો ભરવા સમયે સોશ્યલ ડિસ્ટન્સ અને જાહેરનામાના લીરેલીરા ઉડ્યા છતાં તંત્ર કેમ ખામોશ રહ્યું ? તે સમજાતું નથી. રાજ્યમાં કોરોનાના ઓમિક્રોન વેરિયન્ટ ધરાવતા દર્દીઓ નોંધાયા છે અને બુધવારથી સમગ્ર જિલ્લામાં ગ્રામપંચાયતની ચુંટણીનો પ્રચાર શરૂ થવાનો છે ત્યારે તકેદારી રાખવામાં નહિ આવે તો જિલ્લામાં કોરોનાની ત્રીજી લહેરને કોઈ જ નહિ અટકાવી શકે..!

# મહિલાઓ અસલામત : સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ૧૧ મહિનામાં મહિલાઓની જાતિય સતામણીના ૧૨૦ ગુના

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

દિલ્હીમાં બનેલી ગેંગરેપની ઘટના પછી કેન્દ્ર સરકારે જસ્ટીસ વર્મા કમીટીની રચના કરી હતી પરંતુ આજદિન સુધી તેનો અમલ કરાયો નથી. જેના કારણે મહિલાઓ ઉપર જાતિય સતામણીના બનાવ વધતા જાય છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં મહિલાઓ અસલામત બની હોય તેમ ૧૧ મહિનામાં મહિલા સતામણીના ૧૨૦ ગુના વિવિધ પોલીસ સ્ટેશનોમાં નોંધાયા છે. જિલ્લામાં ઘરેલું હિંસાનો ભોગ બન્યા પછી હવે મહિલાઓનું ચારીત્ર્ય જોખમમાં મૂકાય તેવા બનાવોને કારણે મહિલાઓમાં અસુરક્ષાનો ભાવ પેદા થયો છે.

મહિલાઓને સુરક્ષા આપવાના કાયદા માત્ર કાગળ ઉપર અમલી બની રહ્યા છે. મહિલાઓ ઘરની ચાર દિવાલોમાં ઘરેલું હિંસાનો ભોગ બનતાં જિલ્લામાં હિંમતનગર, મોડાસા ખાતે અલાયદુ મહિલા પોલીસ સ્ટેશન ઉભું કરવામાં આવ્યા છે છતાં મહિલા અત્યાચારના બનાવોમાં કોઈ ઘટાડો આજદિન સુધી નોંધાયો નથી. જ્યારે મહિલા પોલીસ સ્ટેશનમાં ગુના દબાવવા માટે પૈસા ખંખેરવામાં આવતા હોવાની ગંભીર ફરીયાદ અને લાંચ રૂશ્વત બ્યુરોમાં પણ ફરીયાદો પહોંચી છે. જિલ્લામાં મહિલાઓ ઉપર ત્રાસ ગુજારવાના બનાવો પછી હવે મહિલાઓ બળાત્કાર અને છેડતીનો વધુ ભોગ બનવા લાગી છે. જિલ્લામાં છેલ્લા ૧૧ મહિનાના ટૂંકાગાળામાં જિલ્લાના વિવિધ પોલીસ સ્ટેશનોમાં મહિલાની જાતીય સતામણીના ૧૨૦ ગુના પોલીસ દફતરે નોંધાયા છે. મહિલાઓની સતામણી કરનારાઓ સામે પોલીસે કોઈ કડક કાર્યવાહી હાથ ન ધરતાં હવે સડકછાપ રોમિયો પણ મહિલાઓની છેડતી કરવામાં જરાય અચકાતા નથી. જિલ્લામાં મહિલાઓની જાતીય સતામણી વધી જતાં ઘરેથી બહાર નિકળતી મહિલાઓ મનોમન પોતાને અસુરક્ષિત માની રહી છે. મહિલાઓને સુરક્ષા આપવાના આશયે વાયોલન્સ એક્ટ અમલમાં મૂકાયો છે છતાં મહિલાઓની સુરક્ષા જોખમાઈ છે. છેલ્લા કેટલાય સમયથી જિલ્લામાં મહિલાઓની છેડતી તેમજ બળાત્કારના બનાવોથી સભ્ય સમાજ શરમમાં મૂકાઈ જાય તેવી સ્થિતિ પેદા થતી જાય છે. ખાસ કરીને આદિવાસી વિસ્તારોમાં કાયદાનું કોઈ અસ્તિત્વ જ ના હોય તે રીતે અપહરણ સહિત છેડતીના બનાવો વધ્યા છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં વધુ ગ્રામ પંચાયતો સમરસ થાય તે માટે વહીવટી તંત્ર ધંધે લાગ્યું

### સમરસની માત્ર વાત મળે તો પણ અધિકારીઓ-કર્મચારીઓમાં હલચલ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની ૪૫૮ ગ્રામ પંચાયતોની સામાન્ય ચૂંટણી તા.૧૯ ડિસેમ્બરે યોજાવાની છે ત્યારે જિલ્લામાં ૧૦૦ થી પણ વધુ ગ્રામ પંચાયતો સમરસ થાય તેવો એક લક્ષ્યાંક હોઈ શકે ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં વધુ ને વધુ ગ્રામ પંચાયતો સમરસ થાય તે માટે વહીવટી તંત્ર કામે લાગ્યું છે અને જો કોઈપણ ગ્રામ પંચાયતમાં સમરસ થવાની વાત આવે કે તૂરત જ અધિકારી-કર્મચારીઓમાં હલચલ જોવા મળે છે .

રાજ્ય સરકાર ગામડાઓમાં યોજાતી પંચાયતની ચૂંટણી દરમ્યાન ગ્રામ્ય પ્રજામાં અંદરો અંદર ચૂંટણીને લઈને અંગત અદાવત અને વેરઝેર વધતા હોવાથી સમરસ ગ્રામ પંચાયતો માટે વધારાની રૂા.૩ થી ૧૩ લાખ સુધીની સરકારી ગ્રાન્ટ ફાળવવાનો પોતાનો નિર્ણય જાહેર કર્યા પછી અનેક પંચાયતો સમરસતા તરફ વળી છે. પરંતુ કેટલાક કિસ્સાઓમાં સમરસ પંચાયતો થયા પછી તેના વિકાસ કામો યોગ્ય ઉમેદવારના અભાવે ઠપ્પ થઈ જતા હોય છે કારણ કે ગ્રામ પંચાયતની ચૂંટણીમાં બિનવિવાદાસ્પદ વ્યક્તિને જ સરપંચ તરીકે મોટા ભાગનો જનસમુદાય ઈચ્છતો હોય છે પરંતુ ગ્રામ પંચાયતોમાં વિકાસના કામો કરવાથી માંડી અન્ય કામો ખેંચી લાવવા માટે ખટપટીયા લોકોના સૂકાન હોવું પણ અનિવાર્ય છે. જિલ્લાની ૭૦ ટકાથી પણ વધુ ગ્રામ પંચાયતોમાં તા.૧૯ ડિસેમ્બરે ચૂંટણી યોજાવાની છે અને તે પછી આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની હોવાથી આ વર્ષે ગ્રામ પંચાયતની ચૂંટણીઓનું મહત્વ અનેક ગણું વધી ગયું છે. સરકાર દ્વારા વધુમાં વધુ ૩૦ ટકા ગ્રામ પંચાયતો સમરસ થાય તે માટે જિલ્લા વહીવટી તંત્રને તાકીદ કરાઈ હોય તેવું માનવામાં આવે છે. જિલ્લામાં આ વખતે સમરસ પંચાયતો અધિકાંશ બને તેવા પ્રયત્નો પ્રથમ દિવસથી શરૂ થયા છે.

# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઠંડીના સૂસવાટા વચ્ચે તેલના ભાવમાં ભડકાની સંભાવના

### ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં નાસ્તા વધુ મોંઘા થશે..!!

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ઠંડીના સૂસવાટા વચ્ચે તેલના ભાવમાં ભડકાની સંભાવના જોવાતાં ગ્રામ પંચાયતોની ચૂંટણીઓમાં ઉમેદવારો માટે નાસ્તાની જ્યાફત વધુ મોંઘી સાબિત થશે તેવું દેખાઈ રહ્યું છે. જિલ્લામાં સીંગતેલ અને અન્ય તેલમાં પાછલા બારણે ઉછાળો શરૂ થયો છે.



જ્યાં સુધી ખેડૂતોને તેમની પાક ઉપજના પોષણક્ષમ ભાવો મળશે નહીં ત્યાં સુધી મોંઘવારીનો માર વધુ ને વધુ સહન કરવા માટે પ્રજાએ તૈયાર રહેવું પડશે તેમ દેખાઈ રહ્યું છે. અગાઉ મગફળી ત્યાર પછી દિવેલા વગેરેના અપૂરતા ભાવોને લઈને ખાસ કરીને સૌરાષ્ટ્રના ખેડૂતોએ ઉગ્ર આક્રોશ વ્યક્ત કર્યો છે. સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાના ખેડૂતોએ ઘઉંના અપૂરતા ભાવથી અગાઉના વર્ષોમાં ઘઉંનું વાવેતર મુલત્વી રાખવાનો હઠીલો નિર્ણય લેતાં ખેતી વિભાગ ચોંક્યો હતો. જિલ્લામાં ઠંડીના સૂસવાટામાં તીખા, તળેલા, તમતમતા ભોજન હોય તો જ શિયાળામાં ઠંડી ઉડે. જેથી આમેય શિયાળામાં તેલનો વપરાશ વધતો હોય છે. પરંતુ જાણે કે તેલીયા રાજાઓએ ગ્રામ પંચાયતની ચૂંટણી અગાઉ જ સરકારને ભીડાવાનો પ્રયાસ કર્યો હોય તેમ સીંગતેલના ભાવમાં પાછલા બારણે વધારો થઈ રહ્યો છે.

# સાબરકાંઠા-અરવલ્લીમાં તમાકુ નિયંત્રણ કાયદાનું સૂરસૂરીયું : ૧૫ ટકા મહિલાઓ તમાકુની વ્યસની..!!

### પુરૂષોની સાથે મહિલાઓ પણ તમાકુ ઉત્પાદીત વસ્તુની બંધાણી

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં તમાકુ નિયંત્રણ કાયદાનું સૂરસૂરીયું થઈ ગયું હોય તેમ ક્યાંય કાયદાનું પાલન થતું નથી અને પુરૂષોની સાથે હવે મહિલાઓ પણ તમાકુ ઉત્પાદીત વસ્તુની બંધાણી બની ગઈ હોય તેમ ગ્રામ્ય વિસ્તારોમાં મહિલાઓ અત્યાર સુધી છીંકણી સુંઘતી જોવા મળતી હતી પરંતુ હવે અન્ય તમાકુ ઉત્પાદીત વસ્તુઓની મહિલાઓ બંધાણી થઈ ગઈ છે. જિલ્લામાં શ્રમજીવી મહિલાઓમાં ગુટખાનું સવિશેષ પ્રમાણ જોવા મળી રહ્યું છે અને એક અંદાજ મુજબ ૧૫ ટકા મહિલાઓ તમાકુ ઉત્પાદીત વસ્તુની બંધાણી હોવાનું ચિત્ર બહાર આવ્યું છે.

જિલ્લામાં તમાકુ ઉપર નિયંત્રણ લાવવા બાબતે જિલ્લાનું તંત્ર જરાય સજાગ ન હોય તેવી સ્થિતિ સર્વત્ર જોવા મળી રહી છે. મોટા ભાગના લોકો જાહેરમાં ધુમ્રપાન કરતા હોવા છતાં તેમની સામે કોઈ પગલાં ભરાતાં નથી એટલું જ નહીં પરંતુ શાળાઓ નજીક જ ગુટખાના બિન્દાસ વેચાણથી અભ્યાસ અર્થે જતાં બાળકો તમાકુના વ્યસની બની જાય તેવી સ્થિતિ સર્વત્ર જોવા મળી રહી છે. ગ્લોબલ એડલ્ટ ટોબેકો સર્વેમાં ભારતનો અહેવાલ જોતાં રાજ્યમાં તમાકુના વપરાશનું પ્રમાણ વધી રહ્યું છે અને ૨૯.૪ ટકા વયસ્ક એક અથવા બીજા સ્વરૂપે તમાકુના બંધાણી છે જ્યારે રાજ્યમાં વયસ્ક વસ્તીના ૧૮.૪ ટકા ધુમ્ર રહીત તમાકુ ઉત્પાદનોનો ઉપયોગ કરતા હોવાનું જણાવાયું છે જ્યારે ૭.૮ ટકા ધુમ્રપાનના વ્યસની હોવાથી રાજ્યમાં લગભગ ૪૬ ટકા પુરૂષો અને ૧૧.૩ ટકા મહિલાઓ તમાકુ ઉત્પાદીત વસ્તુઓની બંધાણી હોવાનું સ્ફોટક ચિત્ર બહાર આવ્યું છે ત્યારે જિલ્લામાં પણ છેલ્લા કેટલાય સમયથી તમાકુ નિયંત્રણ કાયદાનું ગળુ દબાવી દેવાયું હોય તેમ ક્યાંય તેનો કડક અમલ થતો નથી. જ્યારે આરોગ્ય તંત્રએ પણ તમાકુની સ્વસ્થ્ય ઉપર થઈ રહેલી હાનિકારક અસરો બાબતે યોગ્ય લોકજાગૃતિના કાર્યક્રમો હાથ ધર્યા નથી જેથી પુરૂષોની સાથે હવે મહિલાઓ પણ તમાકુ ઉત્પાદીત વસ્તુની બંધાણી થઈ ગઈ છે. જિલ્લામાં ખાસ કરીને શ્રમજીવી મહિલાઓમાં ગુટખા ચાવવાનું પ્રમાણ સવિશેષ જોવા મળી રહ્યું છે. એક અંદાજ મુજબ જિલ્લામાં ૪૫ ટકા પુરૂષો અને ૧૫ ટકા મહિલાઓ તમાકુ ઉત્પાદીત વસ્તુની બંધાણી હોવાનું કહેવાઈ રહ્યું છે ત્યારે તંત્ર સમયસર તમાકુ નિયંત્રણ કાયદાનો કડક અમલ નહીં કરાવે તો જિલ્લામાં તમાકુથી થતા કેન્સરના દર્દીઓની સંખ્યામાં ધરખમ વધારો થશે તેવું તમાકુના વપરાશ ઉપરથી માનવું રહ્યું.

## સાબરકાંઠા-અરવલ્લીમાં રાત્રે કોલ્ડ વેવનું વધતું પ્રમાણ : ગરમ વસ્ત્રોના વેચાણમાં ઉછાળો

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

સાબરકાંઠા-અરવલ્લીમાં ઠંડીનું જોર જળવાઈ રહ્યું હતું. દિવસ કરતાં રાત્રે કોલ્ડ વેવ વધારે હાવિ રહેતાં ચૂંટણીની મોસમ હોવા છતાં ગ્રામ્ય અને શહેરી વિસ્તારોમાં ઠંડીએ સૌને બંદીવાન બનાવ્યા હોય તેમ ગામડાં ભેંકાર લાગતાં હતાં. જો કે ગઈકાલ કરતાં ઠંડીનું પ્રમાણ ઘટ્યું હોવા છતાં રાત્રે કોલ્ડ વેવ વધુ હાવિ રહેતું હોવાનું જાણવા મળેલ છે. જિલ્લામાં એકાએક ઠંડી શરૂ થતાં ગરમ વસ્ત્રોના વેચાણમાં ઉછાળો આવતાં ગરમ વસ્ત્રોનો વેપાર કરનારા વેપારીઓને પણ ઠંડીએ રાહત કરી આપ્યાનું જાણવા મળેલ છે. ઉત્તર ગુજરાત અને કચ્છમાં રાજ્યની સૌથી વધુ ઠંડી અનુભવાઈ રહી છે. જિલ્લામાં તા.૪ની સમી સાંજથી ઠંડીનો પ્રકોપ શરૂ થયો છે અને લઘુત્તમ તાપમાનમાં સતત ઘટાડો જોવા મળી રહ્યો છે. જો કે ગઈકાલે લઘુત્તમ તાપમાનમાં ફરીથી ઉછાળો આવતાં દિવસ દરમ્યાન ઠંડીનું પ્રમાણ ઘટ્યું હતું પરંતુ રાત્રે ફરીથી કોલ્ડવેવની અસર રાત્રિના ૧૦-૦૦ કલાક પછી વર્તાતી હતી. કાતિલ ઠંડીના સૂસવાટાને લઈને ઘરમાં પુરાઈ રહેલા માનવીઓ ઠૂઠવાઈ ગયા હતા. જયારે પશુ, પંખીઓ પણ કાતિલ ઠંડીની ઝપેટમાં ઠૂઠવાતા નજરે પડતા હતા. જો કે દિવસ દરમ્યાન ઠંડીનું પ્રમાણ સામાન્ય રહ્યું હતું. છતાં પ્રજા ગરમ વસ્ત્રોમાં વિંટળાયેલી જોવા મળતી હતી. જિલ્લામાં છેલ્લા ૩ દિવસથી ઠંડીનું પ્રમાણ વધુ હાવિ થતાં શાળા-મહાશાળાઓમાં તેની સીધી અસર જોવા મળી રહી છે. દેવમંદિરોમાં પણ ઠંડીને લઈને સવારના દર્શનાર્થીઓની સંખ્યામાં ઘટાડો જોવા મળી રહ્યો છે.

# બાયડમાં રાત પડે તોફાને ચડતા આખલાથી સોસાયટી વિસ્તારોમાં ભય

### રાત્રે રાહદારી કે વાહન ચાલક ઉપર મરણતોલ હુમલો કરે તેવી દહેશત

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૦૬

બાયડના સ્ટેશન વિસ્તારમાં આવેલી સોસાયટીઓમાં છેલ્લા એક સપ્તાહથી રાત પડે તોફાને ચડતા આખલાથી સોસાયટી વિસ્તારના રહીશોમાં ભય વ્યાપ્યો છે. જ્યારે આખલાને હડકવા લાગ્યો હોય તે રીતે બિહામણા અવાજ સાથે આખલો દોડાદોડ કરતો હોવાથી રાત્રે અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને પણ ખલેલ પહોંચી રહી છે.

બાયડ છેલ્લા કેટલાક સમયથી ગોકુળીયું ગામ બનતું હોય તેવું દેખાઈ રહ્યું છે. સવારે બાયડ સ્ટેશન વિસ્તાર અને સાંજે સોસાયટી વિસ્તારોમાં ગાય અને આખલાઓના અડીંગા જામતા હોવાથી ટ્રાફીક જામની સમસ્યા ક્યારેક જોવા મળતી હોય છે. બાયડના બસ સ્ટેશન વિસ્તારમાં આવેલી સોસાયટીઓમાં છેલ્લા એક સપ્તાહથી કાળા આખલાએ ભારે આતંક મચાવ્યો છે અને જાણે કે અંધારૂ થતાં જ તેને હડકવા ચડતો હોય તેમ જોર જોરથી ભાંભરવા લાગે છે અને ત્યાર પછી ચાર પગે દોડમાં ભાગ લીધો હોય તે રીતે દોડવા લાગતાં સોસાયટી વિસ્તારોમાં વ્યાપક ભય ઉભો થવા પામ્યો છે. સ્ટેશન વિસ્તારમાં સમી સાંજથી આખી રાત તોફાને ચડતા આખલાને બાયડ પાલિકા તંત્ર દ્વારા પકડી લઈ પાંજરે પૂરવામાં નહીં આવે તો મોટો અનર્થ થવાનો ભય પણ સેવાઈ રહ્યો છે. ૩ દિવસ અગાઉ તોફાને ચડેલા આખલાએ બાઈક ચાલકનો પીછો કરતાં ભારે ભય વ્યાપ્યો હતો. બસ સ્ટેશન વિસ્તારમાં રાત્રે ઈવનિંગ વોકમાં નિકળતા પ્રજાજનો અને સોસાયટી વિસ્તારના રહીશોએ કાળા આખલાથી સાવચેત રહેવાની જરૂરીયાત હોવાનું હાલ દેખાઈ રહ્યું છે.



# હિંમતનગરના મોતીપુરા કાટવાડ રોડ પર ગેરકાયદેસર ૨૦ પ્લોટોમાં કબજો જમાવી દેનાર શખ્સો વિરૂધ્ધ લેન્ડ ગ્રેબીંગની ફરિયાદ

હિંમતનગર, તા.૦૬

હિંમતનગરમાં મોતીપુરા કાટવાડ રોડ પર સીટી સર્વે એરીયાની બહાર આવેલી ખાનગી માલિકીની જમીનમાં આવેલા ૨૦ પ્લોટોમાં બનાવેલા કાચા મકાનોમાં લોકડાઉન દરમિયાન ઘૂસી જઈને કેટલાક શખ્સોએ વસવાટ શરૂ કરી દીધો હતો. કોરોનાની મહામારી દરમિયાન ખાનગી માલિકીના પ્લોટોમાં બનાવેલા કાચા પાકા મકાનોમાં ઘૂસેલા ૧૪ શખ્સોએ જમીન માલિકને એટ્રોસીના ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ૨૦ પ્લોટોમાં ગેરકાયદેસર રીતે કબજો જમાવી દેતા જમીન માલિક અને કોન્ટ્રાકટરે હિંમતનગર બી ડીવીજન પોલીસ સ્ટેશનમાં ૧૪ શખ્સો વિરૂધ્ધ લેન્ડ ગ્રેબીંગ એકટ અંતર્ગત ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**લોકડાઉન દરમિયાન મજૂરો માટે બનાવેલા કાચા છાપરામાં ગેરકાયદેસર રીતે ઘૂસી જઇ કબજો કરી લીધો હતોઃ જમીન માલિકને એટ્રોસીટીના ખોટા કેસોમાં ફસાવી દેવાની ધમકી આપીઃ હિંમતનગર બી ડીવીજન પો.સ્ટે.માં ૧૪ શખ્સો વિરૂધ્ધ ફરિયાદ નોંધાઇ**

આ અંગે હિંમતનગર બસ સ્ટેન્ડ વિસ્તારમાં આવેલ વણઝારાવાસમાં રહેતા અને કોન્ટ્રાકટરનો વ્યવસાય કરતા મગનજી ગોરાજી વણઝારાએ બી ડીવીજન પોલીસ મથકમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યુ હતું કે છેલ્લા કેટલાક વર્ષોથી હિંમતનગરમાં કન્સ્ટ્રકશનનો વ્યવસાય કરૂ છું અને હિંમતનગર મોતીપુરા કાટવાડ રોડ પર આવેલ સીટી સર્વે એરીયા બહાર આવેલા મોતીપુરા નામે ઓળખાતા વિસ્તારના સર્વે નં.૫ પૈકી પ્લોટ નં.૧૦૨ થી પ્લોટ નં.૧૨૧ કુલ ૨૦ પ્લોટ બિનખેતી લાયક હેમંતકુમાર જયંતિલાલ મહેતા (રહે.બળેલી મીલ રેલ્વે સ્ટેશન હિંમતનગર) ના હતા. જેઓએ વેચાણ કરવાના હોવાથી મગનજી વણઝારાએ તેમના મિત્ર વસંતભાઈ ગેનાભાઈ ભાટીને વાત કરી ભાગીદારીમાં આ પ્લોટની ખરીદી કરી હતી. તા.૧૫-૫-૨૦૧૭ ના રોજ મોતીપુરા કાટવાડ રોડ પર આવેલ સીટી સર્વે એરીયા બહારના સર્વે નં.૫ પૈકી પ્લોટ નં.૧૦૨ થી પ્લોટ નં.૧૨૧ એમ કુલ ૨૦ પ્લોટોને વેચાણ દસ્તાવેજ કરીને ખરીદી કર્યા હતા. કોન્ટ્રાકટર તરીકેનું કામ કરતા હોવાથી મજૂરોને રહેવા માટે આ ૨૦ પ્લોટોમાં અલગ અલગ કાચા પતરાવાળા છાપરા બનાવ્યા હતા. જેમાં મગનજી વણઝારાના મજૂરો રહેતા હતા પરંતુ કોરોના મહામારીના કારણે લોકડાઉન દરમિયાન કન્સ્ટ્રકશનનું કામકાજ બંધ થતા પરપ્રાંતીય મજૂરો છાપરા ખાલી કરીને ચાલ્યા ગયા હતા. જોકે લોકડાઉન હળવુ થયા બાદ જાણવા મળ્યુ હતું કે અમારી ખાનગી માલિકીની જમીનના પ્લોટોમાં બનાવેલા કાચા પાકા મકાનોમાં કોઈ અજાણ્યા માણસો ઘૂસીને રહેવા ગયા છે. જેથી મગનજી વણઝારા અને વસંતભાઈ ભાટી બંને ભેગા થઈને સ્થળ પર જોવા જતા તેમની માલિકીની જમીનમાં બનાવેલા કાચા પાકા છાપરા જેવા મકાનોમાં (૧) પ્રેમજીભાઈ સુજાજી ખરાડી (૨) જીતુભાઈ બાબુભાઈ વણકર (૩) ટીના (૪) છગનજી થાનાજી વણઝારા (૫) જીતુભાઈ બાબુભાઈ વણકર (૬) રતનસિંહ પ્રતાપભાઈ ચરપોટ (૭) ચંદ્રીકાબેન જયંતિભાઈ વાલ્મિકી (૮) મુળજીભાઈ કોદરભાઈ રાઠોડ (૯) રમીલાબેન (૧૦) કાન્તિભાઈ દેવરાજભાઈ પરમાર (૧૧) મથુરભાઈ સોમાભાઈ સોલંકી (૧૨) કલ્પેશભાઈ સુરજભાઈ રાઠોડ (૧૩) સંજયભાઈ ગોવિંદભાઈ રાઠોડ (૧૪) રાજુભાઈ પ્રેમજીભાઈ ખરાડીએ ગેરકાયદેસર રીતે મંજૂરોને રહેવા માટે બનાવેલ કાચાપાકા છાપરામાં કબજો કરી લીધો હતો અને રહેવા લાગ્યા હતા તેમજ પ્લોટની બીજી ખાલી જગ્યાનો સ્વતંત્ર ભોગવટો કરતા આ લોકોએ અમારી જમીન તથા કાચી બનાવેલ ઓરડીઓ પચાવી પાડી હતી. આ પ્લોટ અમારી માલિકીના હોવાનું જણાવી તેઓને છાપરા ખાલી કરી જતા રહેવાનું કહેતા તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને મકાન અમારા છે તમે ખોટા માલિક બની ગયા છો તેમ કહી બોલચાલી સાથે તકરાર કરી હતી. જેથી અમે ત્યાંથી જતા રહ્યા હતા પરંતુ બીજા દિવસે મગનજી વણઝારા તથા વસંતભાઈ ગેનાજી ભાટી પ્લોટ પર જઈ રજીસ્ટર દસ્તાવેજ બતાવ્યા હતા અને આ તમામ પ્લોટો અમારી માલિકીના હોવાનું તથા કાચા છાપરા ખાલી કરી જતા રહેવા જણાવ્યુ હતું. જોકે તેઓ એકદમ ઉશ્કેરાઈ જઈ ઝઘડો કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિના હોવાથી એટ્રોસીટીનો કેસ કરવાની ધમકી આપી હતી. જેથી મગનજી વણઝારા અને વસંતભાઈ ભાટી ત્યાંથી જતા રહ્યા હતા અને સાબરકાંઠા જિલ્લા કલેકટર સમક્ષ તા.૨૭-૫-૨૦૨૧ ના રોજ ગુજરાત રાજય લેન્ડ ગ્રેબીંગ એકટ હેઠળ અરજી કરી હતી. જેની તપાસ જિલ્લા કલેકટરે કરી હતી. આમ જમીનમાં ગેરકાયદેસર પ્રવેશ કરી પ્લોટો પચાવી પાડનાર શખ્સો વિરૂધ્ધ મગનજી વણઝારાએ હિંમતનગર બી ડીવીજન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

**બોક્સ આઇટમ**

**કોની વિરૂધ્ધ ફરિયાદ નોંધાઇ**

જીતુભાઈ બાબુભાઈ વણકર
પ્રેમજીભાઈ સજાજી ખરાડી
છગનજી થાનાજી વણઝારા
જીતુભાઈ બાબુભાઈ વણકર
ટીનાભાઈ કોકીલાબેન દરબાર
રતનસિંહ પ્રતાપભાઈ ચરપોટ
ચંદ્રીકાબેન જયંતિભાઈ વાલ્મિકી
મુળજીભાઈ કોદરભાઈ રાઠોડ
રમીલાબેન
મથુરભાઈ સોમાભાઈ સોલંકી
કલ્પેશભાઈ સુરજીભાઈ રાઠોડ
સંજયભાઈ ગોવિંદભાઈ રાઠોડ
કાન્તિભાઈ દેવરાજભાઈ પરમાર
રાજુભાઈ પ્રેમજીભાઈ ખરાડી
(તમામ રહે.હિંમતનગર)